ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ :યુનિગુજ-ાત

ગુજ-ાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવ-ંગપુ-ા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
GUJARAT UNIVERSITY
( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/૪-અ/ ૧૨૨૮૨ /૨૦૧૭** **તા. ૨૧-૧૧-૨૦૧૭**

**પરિપત્ર નં.** ૨૭૮

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ
(૨) યુનિવર્સિટી પ્રસ્થાપિત અનુસ્નાતક ભવનોના/અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ

**વિષય : U.G. તથા P.G. ના તમામ સેમેસ્ટરના વિદ્યાર્થીઓના આંતરિક ગુણ જમા કરાવવા બાબતે.**

**શ્રીમાન,**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓકટોબર-ડિસેમ્બર-૨૦૧૭ દરમિયાન લેવાયેલ/લેવાનાર વિવિધ પરીક્ષાઓનાં આંતરિક કસોટીનાં ગુણ મોકલવા માટે Online Internal Marks Entry System ચાલુ છે. જેની વેબલીંક ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

વિવિધ અભ્યાસક્રમોના તમામ સેમેસ્ટરનાં આંતરિક ગુણની માહિતી જે તે પરીક્ષા પૂર્ણ થયે એક સપ્તાહમાં અચૂક મોકલી આપવાની રહેશે. આંતરિક ગુણ online submission કરવા માટે આપની કૉલેજના વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષાના ગુણની એન્ટ્રી કરી, online સબમીટ કરવા વિનંતી છે. કોઈપણ ટેકનિકલ પુછપરછ માટે ડાયરેકટરશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરનો સંપર્ક કરવા વિનંતી. વધુમાં આંતરીક ગુણની માહિતીની હાર્ડ કોપીની એક નકલ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે.

આંતરિક ગુણની એક નકલ કૉલેજના નોટિસ બોર્ડ ઉપર વિદ્યાર્થીઓની જાણ માટે મુકવાનું રાખવું અને યુનિવર્સિટીમાં આંતરિક ગુણ સુપ્રત કર્યા બાદ કોઈપણ ફેરફાર કરી શકાશે નહિં.

આંતરિક ગુણ સંસ્થાના નોટિસ બોર્ડ પર લગાવ્યા બાબતની બાંહેધરી સંસ્થાના વડાએ હાર્ડ કોપી સબમીટ કરતી વખતે આપવાની રહેશે.

આંતરિક ગુણના અભાવે આપની કૉલેજનાં વિદ્યાર્થીઓનાં પરિણામ અનામત રાખવાની ફરજ પડશે. જેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં. જેની નોંધ લેવા વિનંતી છે.

આભાર સહ,

પરીક્ષા નિયામક વતી